૧૦-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “બાપદાદા” મધુબન

## “મીઠાં બાળકો - તમે રુહાની અશ્વ (ઘોડા) છો, તમારે વિજયી રતન બનવાની રેસ કરવાની છે, મહારથી અશ્વ એ જે રાજાઈ મેળવવાની રેસ કરે”

**પ્રશ્ન :-** આપ બાળકોમાં સતોપ્રધાન પુરુષાર્થી કોણ અને તમો પુરુષાર્થી કોણ?

**ઉત્તર :-** સતોપ્રધાન પુરુષાર્થી એ જે રચયિતા અને રચના ને જાણીને પુરુષાર્થ કરે છે. જેમની બુદ્ધિમાં સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન ફરતું રહે છે, જેમને બાપની યાદનો શુદ્ધ અહંકાર છે અને તમો પુરુષાર્થી એ જે કહે કલ્પ પહેલાં જેવો પુરુષાર્થ કર્યો હશે તેવો કરી લઈશું. જે મળવાનું હશે તે મળી જશે.

**ગીત :-** દુઃખિયોં પર કુછ રહેમ કરો મા બાપ હમારે....

**ઓમ્ શાંતિ!** જ્યારે અહીં બેસો છો તો જેટલું થઇ શકે બાપની યાદમાં રહેવાનું છે. કાલે પણ સમજાવ્યું કે આખો કલ્પ તમે દેહ-અભિમાની રહો છો. આ સમયે જ એક વાર દેહી-અભિમાની બનવું પડે છે. દેહ-અભિમાન છોડી પાછા જવાનું છે. આ કપડાં અથવા તન બહુજ જૂનાં થઈ ગયા છે. આ દેહનો અશુદ્ધ અહંકાર છોડવાનો છે. બાપ ને યાદ કરવાનાં છે. બાપ ને યાદ તો કરે છે પરંતુ ખબર નથી કે અમારા બાપ કોણ છે. કહી દે છે બાપ સર્વવ્યાપી છે પછી તો પોકારી પણ ન શકે. ગાય તો છે ને કે ઓ ગોડ ફાધર (પરમપિતા પરમાત્મા). જ્યારે કોઈને દુઃખ થાય છે તો ગોડ ને યાદ કરે છે. બુદ્ધિ ઉપર ચાલી જાય છે. જો ભક્ત જ ભગવાન હોય પછી તો ભગવાન ને યાદ કરવાની જરુર જ ન પડે. ના એવું કહેવું પડે કે હે ભગવાન અમે દુઃખી કંગાળ છીએ. ભક્તિમાર્ગ માં છે દુઃખ, એટલે ભગવાન ને યાદ કરે છે. હું બાળકોને સુખ આપીને જાઉં છું, તો એ સુખ ને બધાં યાદ કરે છે. અવિનાશી બાપ, અવિનાશી સુખ આપીને જાય છે. હમણાં આપ બાળકોનું ત્રીજું નેત્ર જ્ઞાન નું ખુલ્યું છે, જેનાંથી બાપ રચયિતા અને એમની રચના નાં આદિ-મધ્ય-અંત ને સારી રીતે જાણી ચૂક્યાં છો. કાલે જે ઘર માં ગીતા વાંચતા હતાં, એ ગીતા થી રચતા અને રચનાનું જ્ઞાન નહોતું મળતું વધારે જ રચના ને ભૂલી ગયાં. રચતા ને ભૂલ્યાં તો રચના ને પણ ભૂલ્યાં. બાપ ત્રીજું નેત્ર જ્ઞાન નું આપીને સમજાવે છે, રાજયોગ શિખવાડે છે જેનાંથી તમે સ્વર્ગ નાં માલિક બનશો. ગીતા વાંચવાથી કોઈ સ્વર્ગની યાદ <u>નથી આવતી/ન આવી શકે</u>. કેટલાં લેક્ચર કરે છે. હવે તમે બાપ થી ડાયરેક્ટ સાંભળો છો. તો રાત દિવસ નો ફરક અનુભવ થાય છે. એમાં તો રચતા અને રચના ને જ ભૂલી જાય છે. હમણાં બાબાએ રચતા અને રચનાનું રહસ્ય સમજાવ્યું છે અને બરાબર પુરુષાર્થ પણ કરે છે વારસો લેવાનો. પછી કોઈનો પુરુષાર્થ સતોપ્રધાન છે કોઈનો રજો, કોઈનો તમો હોય છે. ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ પુરુષાર્થી છે. બાળકો જાણે છે કે અમારા પુરુષાર્થ થી આટલું ઊંચુ પ્રાલબ્ધ બનશે, તો કેમ નહીં એવો પુરુષાર્થ કરવો જોઈએ. પોતે પણ સમજે છે કે હમણાં અમે સારો પુરુષાર્થ કરીશું તો કલ્પ-કલ્પ એવો જ અમારો પુરુષાર્થ થશે. જો નથી કરતા તો સમજમાં આવે છે કલ્પ પહેલાં પણ એમણે પુરુષાર્થ નથી કર્યો તો પદ ભ્રષ્ટ થઇ જશે. અશ્વ દોડે છે ને. રેસ માં ઘોડા દોડ હોય છે. કહે છે કે ફલાણાએ વિન કર્યુ (જીતી). અહીં પણ નંબરવાર છે. કોઈ તો એવાં પણ છે જે કહે છે કે અમે વધારે કાંઈ સમજવા નથી ઈચ્છતા. નથી સમજી શકતાં ન કોઈને સમજાવશે. એમનાં માટે પછી સહજ યુક્તિ છે કે ફક્ત બાપ ને યાદ કરવાનાં છે. યાદ કરતા શિખશો કે તે પણ નહીં. બેહદનાં બાપ જેમને તમે બધાં ભક્તિમાર્ગ માં યાદ કરો છો, તે બાપ હમણાં સન્મુખ બ્રહ્મા નાં તન થી કહે છે કે મને યાદ કરો. બાબાએ રચનાનું રહસ્ય પણ સમજાવ્યું છે. શિવબાબા તો સર્વ આત્માઓનાં બાપ છે. કોઈ પણ આત્માને

પ્રજાપિતા નહીં કહેવાશે. આત્માઓ તો અનાદિ છે. પ્રજાપિતા બ્રહ્મા રચતા છે - મુખ વંશાવલી. આપણે આત્માઓ તો છીએ શિવબાબા નાં સંતાન. કહે છે કે તમે મારા તો છો જ. જેટલાં છો એટલાં જ છો. ઓછા વધારે આત્માઓ ક્યારેય પણ હોઈ ન શકે. એમનો જ બેહદ ડ્રામા માં પાર્ટ છે. આ અનાદિ બન્યો-બનેલો (પૂર્વ નિર્ધારિત) ખેલ છે. બાપ કહે છે હું આવું છું જરુર એક સત ધર્મ સ્થાપન કરવા અને અનેક ધર્મો નો વિનાશ કરાવા. જે સતધર્મ પ્રાયઃલોપ થઇ ગયો છે, તે હમણાં સ્થાપન થઈ રહ્યો છે. સતધર્મ અર્થાત્ સતયુગ નો આદિ સનાતન દેવી-દેવતા ધર્મ, જે સત પરમાત્માએ આવીને સ્થાપન કર્યો છે. જેવી રીતે ક્રિશ્ચન ધર્મ ક્રાઈસ્ટે સ્થાપન કર્યો, તેવી રીતે આદિ સનાતન સત ધર્મ સંત બાપે સ્થાપન કર્યો છે. સચખંડ સ્થાપન કરવાવાળા સાચ્ચા બાબા છે. આપ બ્રાહ્મણ બાળકો જ જાણો છો કે બરાબર બાપ આવેલાં છે. બાબા સમજાવે છે કે હમણાં ડ્રામા પૂરો થાય છે. તો હવે જૂનું કપડું (શરીર) છોડવાનું છે. નાટકમાં પણ એક્ટર્સ નો (કલાકાર નો) પાર્ટ મુકરર (નિશ્ચિત) થઈ જાય છે. પોતાનાં સમય પર કપડાં બદલીને ચાલ્યા જાય છે ને. બાપ કહે છે કે હમણાં તમારો આત્મા અપવિત્ર થઈ ગયો છે. આત્મા સંપૂર્ણ પવિત્ર થઈ જાય તો પછી એને શરીર પણ પવિત્ર જોઈએ. આ શરીરમાં રહેતા આત્માને પવિત્ર બનાવવાનો છે. નહીં તો આત્માને આપણે પવિત્ર ક્યાં બનાવીશું. પવિત્ર અહીં જ કરવાનો છે. હમણાં ૫ તત્વ પણ તમોપ્રધાન છે. આત્મા જ્યારે પવિત્ર બની કર્માતીત અવસ્થામાં આવી જશે તો પછી જૂનાં હિસાબ-કિતાબ ચૂક્તું થઈ જશે. આ વાત બાળકોની છે. બાળકો જ સાંભળે છે. તો બ્રાહ્મણ જરુર જોઈએ.

તમે જાણો છો કે સ્વર્ગની સ્થાપના કેવી રીતે થાય, તો બ્રહ્મા જરુર જોઈએ. આ છે બ્રાહ્મણોનું કુળ. કહે છે કે હું બ્રહ્મા તન નો આધાર લઉં છું, આ બ્રાહ્મણો ને રચવા માટે. આ વાતો તો આપ બ્રાહ્મણ અને બ્રાહ્મણીઓ જ જાણો છો. આ છે સંગમયુગ ની રચના, કેટલાં ગુહ્ય રહસ્ય છે. શરુમાં બાબા એટલાં ગુહ્ય રહસ્ય સમજાવતા હતાં શું? કહેવાય છે ને - સાગર ને શાહી બનાવો, જંગલ ને કલમ બનાવો, પૃથ્વી ને કાગળ બનાવો તો પણ આ જ્ઞાન પૂરું નહીં થાય. આપ બાળકો સાંભળતાં જ રહો છો. આ ગુહ્ય વાતો પણ ધારણ એમને થશે જેમનું ભણવામાં ધ્યાન છે. બાપ પાસે થી વારસો લેવા માટે કમર કસીને ઊભા છે. થોડો પણ જો સંશય થઈ ગયો તો ઉડી જશે. પછી અચાનક કોઈને તીર લાગી જશે, તો એકદમ નિશ્ચયબુદ્ધિ થઈ જશે. નવાં-નવાં ટોટકા બાબા સંભળાવે છે. કાલે પણ બાબાએ બહુજ સારી રીતે સમજાવ્યું હતું. બાપ કહે છે કે હું પરમઆત્મા પરમધામ માં રહેવા વાળો છું, જેને સુપ્રીમ સોલ કહે છે. અહીં નાં આત્મા ને કોઈ સુપ્રીમ કહી ન શકે. સુપ્રીમ સોલ એક જ છે, એમની જ બધાં બંદગી (પ્રાર્થના) કરે છે. પરમધામ માં રહેવા વાળા પરમાત્મા એ પછી સર્વવ્યાપી હોઈ ન શકે. અહીં તો દુઃખ છે, જન્મ-મરણ છે. પરમાત્મા તો જન્મ-મરણ રહિત છે. જે મહારથી છે જેમનો પૂરો પુરુષાર્થ ચાલી રહ્યો છે વારસો લેવાનો, તેઓ રેસમાં જુઓ કેવી રીતે દોડે છે. કોઈ ઘોડો નાઉમ્મીદ (આશા વગરના) પણ હોય છે. પરંતુ લાસ્ટ (અંત) માં એવો ફાસ્ટ (ઝડપી) દોડાવે છે જે સૌથી આગળ ચાલ્યો જાય છે. અહીં પણ એવું છે. કોઈ તો ચાલતાં-ચાલતાં ઢીલા થઈ જાય છે, પડી જાય છે. કોઈને માર લાગી જાય છે તો લંગડા થઈ પડે છે. અહીં પણ બહુજ સારા-સારા નવાં બાળકો છે જે જૂનાઓ થી પણ ખૂબજ તેજ દોડી રહ્યાં છે. ઘણાઓ ને પુરુષાર્થ કરવામાં ગ્રહચારી બેસી જાય છે. કોઈ પર ક્યારેક બૃહસ્પતિ (ગુરુ) ની દશા બેસે, ક્યારેક શુક્ર ની, ક્યારેક શનિચર ની. રાહુની દશા પણ બેસી જાય છે. તો ક્યારેક ફાયદો, ક્યારેક નુકસાન થતું રહે છે. બાબા સ્વયં જાણે છે કે આ બાળક પર ગ્રહચારી છે, આ કારણ થી ગ્રહણ લાગેલું છે. બાપ કહે છે

એનાંથી પાર થઇને તીવ્ર-વેગી બની જાઓ. જ્યારે રાહુનું ગ્રહણ લાગે છે તો બે-ત્રણ વર્ષ પવિત્ર રહી પછી કર્મેન્દ્રિયો થી વિકારમાં ચાલ્યા જાય છે. બાપ કહે છે કામ મહાશત્રુ છે, એનાં પર વિજય મેળવવાનો છે. સારા-સારા બાળકો પર પણ ગ્રહચારી લાગી જાય છે. લગ્ન કરી લે છે. પ્રણ પણ પહેલાં કરે છે કે અમે પવિત્ર રહીશું, પરંતુ નીચે પડી જાય છે. ક્યારેક શ્રીમત પર ચાલે, ક્યારેક પછી ઉલ્ટી મત પર પણ ચાલી પડે છે. બાબા બાળકોને સારી રીતે જાણે છે, બાબાને કહે છે કે બાબા અમારી હમણાં રેસ ચાલી રહી છે. બાપ કહે છે કે ખબરદાર રહેજો કારણ કે રેસ હોર્સ (ઘોડાની દોડ) છે ને! જુઓ, બાળકો ભવિષ્ય ૨૧ જન્મો નું સુખ મળે છે. આ કોઇ ઓછી વાત છે. ભૂલ કરવાથી પછી ભવિષ્ય બધાં જન્મો પર ગ્રહચારી અથવા ગોબી (નુકસાન) લાગી જાય છે એટલે બાબા કહે છે કે શ્રીમત પર પૂરો પુરુષાર્થ કરો. બાબા તો પહેલાંથી જ બતાવી દે છે-જેટલાં રુસ્તમ (પહેલવાન) બનશો, જ્ઞાન-યોગ માં તીખા (આગળ) થશો, એટલાં માયાનાં તોફાન પણ જોર થી આવશે. ખબરદાર રહેજો, કર્મેન્દ્રિયો દ્વારા વિકર્મ કરી પાપ આત્મા નથી બનવાનું. તમે છો ઈશ્વરીય સંતાન. તો બહુજ રોયલ બનવાનું છે. લક્ષ્મી-નારાયણ જુઓ કેટલાં રોયલ છે. આ સંસ્કાર હમણાં ભરવાના છે કારણ કે આ સમયે તમે ઈશ્વરીય સંતાન કહેવાઓ છો. માન તમારું હમણાં છે. બલિહારી તો આ એક જન્મની માનવી જોઈએ. બાકી તો ૮૪ જન્મ લઈ પતિત બનતા જ આવ્યાં છો. જ્યાં સુધી બાબા ન આવે ત્યાં સુધી આ મનુષ્ય સૃષ્ટિ ઝાડ જડજડીભૂત તમોપ્રધાન થવાનું જ છે ને. આ લક્ષ્મી-નારાયણ ને પણ વિશ્વનાં માલિક એ માલિકે બનાવ્યાં. સોમનાથ નું મંદિર પણ ખૂબજ નામીગ્રામી (પ્રખ્યાત) છે. શિવબાબાએ ધન આપ્યું છે એટલે એમનાં મંદિરમાં પણ ખૂબજ ધન લગાવ્યું. પુજારી પણ જ્યારે બને છે તો પણ કેટલું ધન હોય છે, જે આટલાં મંદિર બનાવ્યાં છે. તો પૂજ્ય-પણા માં કેટલું ધન હશે. હમણાં તો છે પ્રજાનું પ્રજા પર રાજ્ય. કાંઈ છે નહીં. બ્રહ્મા ની રાત છે ને. પછી બ્રહ્માનો દિવસ થાય છે તો સ્વર્ગ બની જશે. હીરા ઝવેરાતો નાં મહેલ બની જશે. ભલા આટલું સોનું આવશે ક્યાંથી? ત્યાં સોનું તો માટીની માફક હોય છે. દેખાડે છે કે પહાડો માં ગર્માઈશ (લાવા) થાય છે તો ફાટે છે. ખીણો માંથી જ સોનું નીકળે છે ને. સોનાની ઇંટો બનાવતા હશે. જેવી રીતે માયા મચ્છન્દર નાં ખેલમાં દેખાડે છે કે એણે સૂક્ષ્મવતન માં સોનાની ઇંટો જોઈ, સમજ્યું લઈ જઈશ. આંખ ખોલી તો કાંઇ ન જોયું. અહીં પણ બાળકો દિવ્ય દૃષ્ટિ માં સોનાના મહેલ જોઈને આવે છે. બાળકોએ ગીત તો સાંભળ્યું, દુઃખીઓ પર કાંઇક રહેમ કરો....બાપનું નામ જ છે બ્લીસફુલ (આનંદ નાં સાગર). એવું નથી કે એ બધામાં વિરાજમાન છે. માયા એ બુદ્ધિને બિલકુલ જ તાળું લગાવી દીધું છે. બાપ કહે છે કે મારા સિવાય આ તાળું કોઈ ખોલી નથી શકતું. નંબરવાર તાળું એમનું જ ખુલે, જેમનું કલ્પ પહેલાં ખોલ્યું છે. એમનાં પુરુષાર્થ થી સમજી શકાય છે કે આ સારી સેવા કરે છે. પરમપિતા પરમાત્માએ જરુર કોઈ શરીર ધારણ કર્યુ હશે, એમની પહેલી રચના છે બ્રહ્મા. બ્રહ્મા નાં મુખ દ્વારા બ્રાહ્મણ રચ્યાં. બ્રાહ્મણ છે ચોટી. જગત અંબા બ્રાહ્મણી છે, બ્રહ્મા બ્રાહ્મણ છે. શક્તિ સેના બ્રાહ્મણ બ્રાહ્મણી છે. બાપ કહે છે હું જ નોલેજફુલ (જ્ઞાન સાગર) છું. મારો પણ ડ્રામામાં પાર્ટ છે. હું જ આવીને તમને રચતા અને રચના નું રહસ્ય સમજાવું છું. અહીં તો બાપ, શિક્ષક, સદ્દગુરુ એક જ છે. ત્રણેય કર્મ સાથે કરે છે. સદ્દગુરુ સાથે પણ લઈ જશે, આ ગેરંટી (ખાતરી) છે. બાપ બધાંને સુખ શાંતિ આપે છે. બાપ નાં તો બધાં બાળકો છે એવું થોડી કે કોઈને આપે, કોઈને ન આપે. બાપ તો બધાંને માયાની જંજીરો (માયાજાળ) માંથી છોડાવવા વાળા છે, એટલે બધાં એમને યાદ કરે છે. સ્વર્ગની સ્થાપના કરે છે. બાકી બધાંને મુક્તિ માં મોકલી દે છે. આ તો બાપનું જ કામ છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સાર:-**

1) કોઈપણ વિકર્મ આ કર્મેન્દ્રિયો દ્વારા નથી કરવાનાં. સંસ્કારો ને રોયલ બનાવવાનાં છે. માયાનાં તોફાન થી ડરવાનું નથી. જ્ઞાન-યોગ માં તીખા બનવાનું છે.

2) શ્રીમત પર કોઇ પણ ગ્રહચારીને પાર કરી તીવ્ર વેગી બનવાનું છે. ઉલ્ટી મત પર નથી ચાલવાનું. ખબરદાર રહી યાદની રેસ કરવાની છે.

**વરદાન :- દરેક કર્મ યોગયુક્ત, યુક્તિયુક્ત કરવા વાળા કર્મયોગી સો નિરંતર યોગી ભવ**

કર્મયોગી આત્માનું દરેક કર્મ યોગયુક્ત, યુક્તિયુક્ત હશે. જો સાધારણ કે વ્યર્થ કર્મ થઈ જાય છે તો પણ નિરંતર યોગી નહીં કહેવાશે. નિરંતર યોગ અર્થાત્ યાદ નો આધાર છે પ્રેમ. જે પ્યારા લાગે છે એ સ્વતઃ યાદ રહે છે. પ્રીત વાળી વસ્તુ પોતાની તરફ આકર્ષિત કરે છે. તો દરેક સેકન્ડ, દરેક સંકલ્પ, દરેક બોલ સદા શ્રેષ્ઠ હોય અને એક બાપ સાથે દિલ નો પ્રેમ હોય ત્યારે કહેશે કર્મયોગી સો નિરંતર યોગી.

**સ્લોગન :-**મહેનત થી છૂટવું છે તો મહોબ્બત નાં ઝૂલા માં ઝૂલતાં રહો.